# ગરીબોને આપવામાં આવનાર અનાજના કટીંગનો પર્દાફાશ

## પ્રાંતિજના મજરા પાસે આવેલ રાજપુરોહિત ઢાબા ઉપર સરકારી અનાજનું કટીંગ : અનાજ ભરેલ છ ટ્રકોમાથી કટીંગ થયું

## રાત્રીના રોકાણ દરમિયાન ટ્રકોમાથી કટીંગ કર્યું : પ્રાંતિજ મામલતદાર તથા પ્રાંતિજ પીઆઇ ઘટના સ્થળે દોડી આવ્યા



પ્રાંતિજ તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા ચોકડી ઉપર આવેલ રાજપુરોહિત ઢાબા ઉપર સરકારી અનાજ નું કર્ટીંગ નો પર્દાફાશ થયો છે તો રાત્રી દરમ્યાન માહિતી મળતા સ્થાનિક તથા જિલ્લા તંત્ર ધટના સ્થળે દોડી આવી તપાસ હાથધરી હતી.

હાલ કોરો ના ને લઈને દેશ સહિત ગુજરાત ૨૧ દિવસ માટે લોક ડાઉન કરવામાં આવ્યું છે ત્યારે સરકાર દ્વારા રોજીદુ કમાઇ રોજીદુ જીવન ચલાવતા તથા મધ્યમવર્ગ ના લોકો ને રાશન દ્વારા અનાજ ની કીટ અપાતા આવી રહી છે ત્યારે ગરીબો ને આપવામાં આવતું અનાજ જેતે જિલ્લાઓ તાલુકાઓમાં સહિત સરકારી ગોડાઉન મારફતે જેતે વિસ્તારના રેશન ની દુકાન માલિકો દ્વારા આપવાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે હાલ ગરીબો ના ભાગ ના આ અનાજ ની ચોરી થતી હોય તેવુ પણ મીડીયા દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યું હતું જેમાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના મજરા ચોકડી ઉપર આવેલ રાજપુરોહિત ઢાબા ઉપર રાત્રી ના રોકાણ દરમ્યાન ઢાબા ઉપર ઉભેલા છ ટ્રકોમાથી એક પીકઅપ ડાલામા અનાજની ચોરી કરવાની ધટના સામે આવી છે તો આ પીકઅપ ડાલુ ખુદ ઢાબા માલિક નુ જ છે અને રાત્રી નો લાભ લઈ દરેક ઉભેલા ટ્રકોમાંથી આખી ને આખી ધઉ ની બોરીઓ તથા અમુક અમુક ટ્રકોમાં બબ્બી દ્વારા ધઉ ની બોરી માંથી કાઢી લેતા હોય તેવુ પણ સામે આવ્યું છે ત્યારે હાલતો હોટલ માલિક ની પીકપક ડાલા માં રંગે હાથે કર્ટીંગ કરી ધંઉ નો જથ્થો પ્રાંતિજ મામલતદાર એચ પી ભગોરા તથા પ્રાંતિજ પીઆઇ એમ.ડી.ચંપાવત તથા જિલ્લા ના અધિકારીઓ દ્વારા રંગે હાથે ગરીબો ના હિસ્સાનો જથ્થો નો પીકઅપ ડાલા સાથે મુદામાલ નો કબજો લઈને આગળ ની તપાસ સહિત કાર્યવાહી હાથ ધરી હતો જેમાં પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા દ્વારા હાલતો ૬ ટ્રક માથી નું વજન કરાવતા ૩૩ કટ્ટા ની ધટ પડતા ૧૬૫૦ કિલો ની ધટ પડી છે તો પ્રાંતિજ મામલતદાર એચ.પી.ભગોરા દ્વારા ચોખા અને ધંઉ ભરેલ ૬ ટ્રક મુદામાલ સાથે ૬૩,૪૪,૫૯૩ તથા જીલ ડાલા સાથે કુલ મુદામાલ ૧૦,૩,૨૯૦ સાથે સીજ કરવા આવ્યો હતો તો ટ્રક માં રહેલ ધઉ-ચોખા નો જથ્થો ખાધ્ય નો હોય તે બગડી ના જાય તે હેતુથી ધઉ-ચોખા નો મુદ્દામાલ હિંમતનગર ખાતે આવેલ સરકારી ગોડાઉન ખાતે મોકલી આપો તો ઢાબા-ડાલા માલિક સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



**કોરોના વાઇરસને લઇને સરકાર દ્વારા આપવામાં આવેલ રાશનના અનાજની ચોરી મામલતદારે ઘઉં-ચોખા સહિત છ ટ્રક સીજ કર્યા : ચોરીમા લેવાયેલું ડાલુ પણ સીજ કરાયું**

# મોડાસામાં ક્રિકેટ રમતા ૯ શખ્સો ડ્રોનના ક્લોઝર ડાઉનમાં

## પોલીસે ગુન્હો નોંધ્યો : આંબલીયારા પોલીસે ડ્રોનથી જીતપુરના પાંચ શખ્સોને કાયદાનું ભાન કરાવ્યું

મોડાસા, તા. ૪

રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૯૫ પર પહોંચી ગયો છે. કોરોનાના ૧૦ દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ થયા છે અને ૮ લોકોના મોત થયા છે. લોકલ ટ્રાન્સમિશન કેસમાં ચિંતાજનક વધારો થયો છે. નવા ૭ કેસ પૈકી ૬ કેસ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું સામે આવ્યું છે. તેમ છતાં રાજ્યના કેટલાક લોકો બેદરકાર બની તેમની અને લોકોની જીંદગી જોખમમાં નાખી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં ૧૪૪ લાગુ હોવા છતાં લોકો જાહેરનામાનો ભંગ કરતા કડક અમલવારી કરાવવા સારુ ડ્રોન કેમેરા મારફતે જાહેરનામા ભંગ કરતાં ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. મોડાસા શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં કરિયાણાની દુકાનધારકો આખો દિવસ દુકાન ખુલ્લી રાખી જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરી રહ્યા હોવા છતાં ટાઉનપોલીસ તંત્રના આંખ આડે કાન કરી રહી હોવાની ચર્ચા એ જોર પકડ્યું છે. મોડાસાના ડીપ વિસ્તારમાં એક બેકરીવાળાને લાલચ મોંઘી પડી લોકડાઉનમાં પણ સિમુન કેક એન્ડ બેક નામની બેકરી ખુલ્લી રાખતા ટાઉન પોલિસ ત્રાટકી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પોલીસના સ્ટાફ દ્વારા મોડાસા વિસ્તારમાં ડ્રોન કેમેરા મારફતે પેટ્રોલિંગ દરમિયાન પહાડપુર ગામ તરફ જતા રોડની સાઈડમાં કસ્બા કબ્રસ્તાન પાસે યુસુફ કિનારી દરગાહની બાજુમાં ખુલ્લા મેદાનમાં ડ્રોન વિડીયો કેમેરાના નિરીક્ષણ કરતા કેટલાક વ્યક્તિઓંનું ટોળું થઈને ક્રિકેટ રમતા હોવાથી તમામ માણસોને કોર્ડન કરી પકડી પાડી તેઓ વિરુદ્ધ જાહેરનામાના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બાયડના આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આશિષ પટેલે ડ્રોન કેમેરાની મદદથી જીતપુર ગામમાં ડેરી સામે ટોળું વળાઈ બેઠેલા ૫ શખ્સોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**● ડ્રોન કેમેરામાં ઝડપાયેલા આરોપીઓ**

મહંમદનકીમ મુસ્તાકભાઈ બલોચ ઉ.વ. ૨૩, જાહિદ હુસૈન ઈખ્તીયાર હુસૈન જમાદાર ઉ.વ.૧૯, ઈકબાલ હુસેન ગુલામહુસેન ગૌરી ઉં.વ ૨૯, મોહમ્મદ મોઈન કાલુમિયા જમાદાર ઉ.વ ૨૨, મોહમ્મદ સજ્જાદ ફકીરમામદ જમાદાર ઉ.વ ૨૦, રિઝવાન હુસેન અહમદ હુસૈન જમાદાર ઉ.વ ૩૨, ગુલામ મોઇનુદ્દીન બિસ્મિલ્લા ખાન પઠાણ ઉ.વ ૨૩, મોહમ્મદ અનીશ યુનુસભાઈ સોદા ઉ.વ ૨૦, તાહિર હુસૈન ઈનાયત હુસેન ગોરી ઉ.વ ૨૫, અમરીશ રસિકભાઈ પટેલ, અરવિંદભાઈ રાયચંદભાઈ પટેલ, નરેન્દ્રભાઈ અંબાલાલ પટેલ, ચંદુભાઈ લલ્લુભાઈ પટેલ, સુધીરભાઈ અમરતભાઈ પટેલ



## ડીસામાં રખડતા પશુઓને લીલા ઘાસનું વિતરણ

કોરોનાને નાથવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યુ છે તેથી ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે અને લોકો ઘરોમાં રહેવા લાગ્યા છે, તેથી રોજ કમાઈને ખાતા ગરીબ અને મધ્યમ વર્ગને ખાવાના ફાંફા પડી ગયા છે પરંતુ સેવાભાવી સંસ્થાઓ અને સજ્જનો દ્વારા તેમને જમવાનો પાકો પ્રબંધ કરાયો છે. પણ રઝળતા અબોલ પશુ જીવોનું શું ? તે વિચારના માધ્યમથી ડીસાના કેતનભાઈ દેસાઈએ રાયકા કલબના પ્રમુખ બળદેવભાઈ રાયકાને સાથે રાખી એક ટ્રેકટર ભરેલ લીલા ઘાસચારાનું શહેરના વિવિધ વિસ્તારોમાં વિતરણ કરીને જીવદયાનું અનેરૂ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે ત્યારે અન્ય જીવદયા પ્રેમીઓ પણ પશુઓનો જઠરાગ્નિ સંતોષવા આગળ આવી અબોલ જીવોના આશીર્વાદ મેળવે તે સમયનો તકાજો છે.

## ધાનેરા પોલીસને ૨૦થી વધુ વાહનો ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ધાનેરામાં લોકો માં ક્યાંકને ક્યાંક કોરોના નો ભય નથી દેખાઈ રહ્યો અને ધાનેરાના શહેરી વિસ્તારમાં લોકોની ભીડ જોવા મળી રહી છે તો કેટલાક લોકો પોતાના વાહનો લઈને કામ વગર પણ બજારમાં લટાર મારવા આવતા હોય છે ત્યારે આવા લોકો સામે આજે ધાનેરા પીઆઈ એસ.એ ડાભી ટ્રાફિક પોલીસ માયારામભાઈ રાઠોડ સહિતના સ્ટાફે એ લાલ આંખ કરી છે અને ધાનેરા શહેરમાંથી ૨૦ કરતાં વધુ વાહનો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે પોલીસ ની આ કામગીરી થી લટાર મારવા આવતા અન્ય લોકો માં ભય ફેલાયો છે ત્યારે પોલીસે પણ લોકો ને અપીલ કરી છે કે કામ વગર બહાર ન નીકળો અને ઘર માં રહો સુરક્ષિત રહો.

# પ્રાંતિજ પોલીસ હવે ડ્રોન કેમેરાની મદદથી જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસની ચપ્પા ચપ્પા ઉપર ડ્રોન કેમેરાથી નજર લોકડાઉનના જાહેરનામાનો ભંગ કરનારા લોકો ઉપર કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

નાગરિકોને સંપૂર્ણ પણે લોકડાઉનનું પાલન હવે પ્રાંતિજ શહેરમા પોલીસ કરાવશે. આજે પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પીઆઇ એમ.ડી. ચંપાવતના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ મહિલા પીએસાઇ પી.ડી. ચૌધરી તથા પીએસાઇ બી.ડી. રાઠોડ દ્વારા શહેરના મુખ્યમાર્ગો અને નાની મોટી તમામ ગલી ખાંચાઓમાં પ્રાંતિજ પોલીસે ડ્રોન ઉડાવીને તમામ વિસ્તારમાં નજર બનાવી રાખી હતી અને સાથે સાથે વહેલી સવારથી ૧૧ વાગ્યાં સુધી લોકો જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ લેવા નીકળે છે તેમાં પણ ખાસ સોશિયલ ડિસ્ટન્સ બનાવી રાખવા માટે પણ તંત્ર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, જેવી કે કરિયાણાની દુકાનો, દૂધની ડેરીઓ, મેડિકલ સ્ટોરો તેમજ શાકભાજીની લારીઓ અને દુકાનો ઉપર ચીજવસ્તુઓ લેવા આવતા નાગરિકોને કોરોના વાઈરસના સંક્રમણથી બચવા માટે સોશિયલ ડિસ્ટન્સમા રહેવાના આદેશોનું પણ પાલન કરાવવામાં આવ્યું હતું અને તેમના ઉપર પણ ડ્રોન કેમેરાથી પોલીસે નજર બનાવી રાખી હતી તેમજ પ્રાંતિજ શહેરમાં રસ્તાઓ અને ગલી ખાંચાઓમાં રખડતા લોકો ઉપર પોલીસ ડ્રોન કેમેરાની મદદથી નજર બનાવી રાખશે અને જો કોઈ પણ આ ડ્રોન કેમેરાની નજરમાં આવશે તો શહેર પોલીસ તેમના ઉપર જાહેરનામાનો ભંગ કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરશે.



ભાખરીયા વિસ્તાર, બજાર ચોક સહિતના વિસ્તારો, વ્હોરવાડ, એપ્રોચરોડ સહિતની સોસાયટી વિસ્તારોમાં ડ્રોન કેમેરાની નજરથી લોકડાઉનના જાહેરનામાનો ભંગ કરનાર લોકો ઉપર નજર રહેશે ત્યારે પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા લોકોને ઘરોમા રહો સુરક્ષીત રહો નગરજનોને આહવાન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સમાચાર દ્વારા પણ વારંવાર ગુજરાત સહિત દેશના લોકોને ઘરોમા રહો સુરક્ષીત રહો તમારી જાતે જ તમે તમારી રક્ષા કરો અને બીજાને પણ બચાવો અને સેનેટાઈજનો ઉપયોગ કરો તો વારે ઘડીએ ઘરમાં સાબુથી હાથ ધોવો અને ઘરોમા જ રહો તમે સુરક્ષીત તો પરિવાર સુરક્ષીત અને પરિવાર સુરક્ષીત તો ગુજરાત સહિત દેશ પણ સુરક્ષીત લોકોને અપીલ કરવામાં આવે છે.

# હિંમતનગર સિવિલમાં ફીવરના ૧૩ કેસ નોંધાયા : ૩ ના સેમ્પલ લેવાયા

કોરોના વાયરસને પગલે આરોગ્ય વિભાગ ખુબ જ સતર્ક બન્યુ છે ત્યારે શનિવારે હિંમતનગર સિવિલમાં ફીવરના ૧૩ કેસ નોંધાયા હતા જે પૈકી ૩ જણાના સેમ્પલ તપાસ માટે મોકલી અપાયા છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સહિત અન્ય સ્થળે રહેતા કેટલાક લોકોને શરદી-ઉધરસના લક્ષણો જણાતા તેઓ તરત જ અગમચેતીના ભાગરૂપે પોતાના શરીરની ચકાસણી કરવાનુ મુનાસીબ માને છે. દરમિયાન શનિવારે હિંમતનગર સિવિલમાં ફીવરના ૧૩ કેસ નોંધાયા હતા જે પૈકી ૩ દર્દીઓના સેમ્પલ લેવાયા છે અને તેને તપાસ માટે લેબોરેટરીમાં મોકલી અપાયા છે.

## ડીસામાં રેશન મામલે હંગામો કરનાર પાંચ સામે ફરિયાદ

કોરોના વાયરસના પગલે સમગ્ર રાજ્યમાં રાશન લેવા માટે ભારે દોડધામ મચી છે જેમાં ડીસા ખાતે અનેક કાર્ડ ધારકોને સિક્કા વગર અનાજ નહિ મળતા અનેક લોકો આ બાબતની રજુઆત કરવા મોટો સંખ્યામાં મામલદાર કચેરી ખાતે દોડી આવ્યા હતા. જોકે આટલી મોટી સંખ્યામાં અરજદારો ભેગા મળી હોબાળો મચાવતા પોલીસ બોલાવવી પડી હતી અને જાહેરનામાનો ભંગ થતો હોઇ નાયબ મામલદાર ડીસા દ્વારા નામજોગ પાંચેક વ્યક્તિ સહિત ૨૦ના ટોળા સામે ફરિયાદ નોંધાવા પામી હતી. ડીસામાં શુક્રવારે સરકારી અનાજની ફાળવણીની વાતને લઈને હંગામો મચી ગયો હતો, કેટલીક બાબતોની વિસંગતતાને લઈને રાશન ન મળતા કેટલાક અરજદારો વ્યક્તિગત રીતે આ બાબતની રજુઆત કરવા મામલતદાર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા, જોતજોતામાં અનેક અરજદારો ભેગા મળી ભારે હોબાળો મચાવી દીધો હતો બાદમાં દોડી આવેલી પોલીસે આ તમામને ત્યાંથી ખસેડયા હતા.

